1

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પટાવાળા,વર્ગ-૪માંથી જુનિયર કારકુન,વર્ગ-૩માં બઢતી માટેની ખાતાકીય પરીક્ષાનું માળખુ અને અભ્યાસક્રમ નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૨૦૨૨/૧૧૪૮
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૯/૧૦/૨૦૨૨.

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૦૧/૦૯/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૦૫-૧૯૩૪-ગ.
(૨) શિક્ષણ વિભાગનો તા.૦૧/૦૯/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૯/૯૧૪/છ.
(૩) શિક્ષણ વિભાગની તા.૧૩/૧૦/૨૦૨૦ની યાદી ક્રમાંક: બમશ/૧૧૨૦૨૦/૪૭૮/ગ.
(૪) કમિશ્નરશ્રી શાળાઓની કચેરીનો તા.૨૦/૦૯/૨૦૨૨નો પત્ર ક્રમાંક: બમશ/ઉમા-૪/ ખા.પરીક્ષા/ ૨૦૨૨/ ૫૬૭૦.

આમુખ:-

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓ માટે વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તા.૦૧/૦૯/૨૦૦૭ના ઠરાવથી ખાતાકીય પરીક્ષાની જોગવાઈ કરવામાં આવેલ છે. વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તા.૦૧/૦૯/૨૦૨૦ના ઠરાવથી ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમોના વિનિયમ-૨૪માં ઉમેરો કરી, રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓએ બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ માટે સરકારના ધારાધોરણ મુજબ હિન્દીની પરીક્ષા, ખાતાકીય પરીક્ષા અને શૈક્ષણિક કર્મચારીઓએ હિન્દીની પરીક્ષા અને કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ પરીક્ષા (CCC) પાસ કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. વિભાગની વંચાણે લીધા ક્રમાંક (૩) સામેની તા.૧૩/૧૦/૨૦૨૦ની યાદીથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓ માટે ખાતાકીય પરીક્ષાનું આયોજન કરવાની કામગીરી રાજ્ય પરીક્ષા બોર્ડને સોંપવામાં આવેલ છે. કમિશ્નરશ્રી શાળાઓની કચેરીના વંચાણે લીધા ક્રમાંક(૪) સામેના તા.૨૦/૦૯/૨૦૨૨ના પત્રથી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પટાવાળા,વર્ગ-૪માંથી જુનિયર કારકુન,વર્ગ-૩માં બઢતી માટેની ખાતાકીય પરીક્ષાનું માળખુ અને અભ્યાસક્રમ નિયત કરવા દરખાસ્ત કરેલ હતી. આ બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પટાવાળા,વર્ગ-૪માંથી જુનિયર કારકુન,વર્ગ-૩માં બઢતી માટેની ખાતાકીય પરીક્ષાનું માળખુ અને અભ્યાસક્રમ નીચે મજબ રાખવાનં આથી ઠરાવવામાં આવે છે.

730 06/12/2022
જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી
રાજકોટ
આ. નં. 10880
5-12-22

(૨) ઉમેદવાર ત્રણ તક સુધી વિના મૂલ્યે પરીક્ષા આપી શકશે. એસ.ટી/એસ.સી ઉમેદવારો ચાર તક સુધી વિના મૂલ્યે પરીક્ષા આપી શકશે.

(૩) ઉમેદવારને વધારાની તક માટે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા જે ફી સૂચવવામાં આવશે તે મુજબ ફી ચૂકવીને વધારાની તક મેળવી શકશે.

(૪) પ્રશ્નપત્રનું પ્રારૂપ :- ખાતાકીય પરીક્ષાના પ્રશ્નપત્રોનો અભ્યાસક્રમ સમય, ગુણ તથા પાસીંગ માટેના ધોરણો નીચેની વિગતે રહેશે.

| ક્રમ | પેપર | ગુણ | સમય | પ્રશ્નપત્રનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૧ | પ્રશ્નપત્ર-૧ | ૧૦૦ | ૨.૦૦ કલાક | MCQ (પુસ્તક સાથે) |
| ૨ | પ્રશ્નપત્ર-૨ | ૧૦૦ | ૨.૦૦ કલાક | MCQ (પુસ્તક સાથે) |
| ૩ | પ્રશ્નપત્ર-૩ | ૧૦૦ | ૨.૦૦ કલાક | MCQ (પુસ્તક સિવાય) |

(૫) બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીને પટાવાળા વર્ગ-૪માંથી જુનિયર કારકુન વર્ગ-૩માં બઢતી માટે પરીક્ષા લેવાની રહેશે.

(૬) ખાતાકીય પરીક્ષાના પ્રશ્નપત્રોનો અભ્યાસક્રમ: પરીક્ષાના ૧ થી ૩ પ્રશ્નપત્રો નીચે મુજબ રહેશે.

| પટાવાળા વર્ગ-૪ માંથી જુનિયર કારકુન વર્ગ-૩ માં બઢતી માટે | |
|---|---|
| પ્રશ્નપત્ર-૧, (૨ કલાક, MCQ, ૧૦૦ ગુણ ) | શાળા સંબંધી કાયદાઓ અને નાણાકિય બાબતો.<br>૧. શાળા સંબંધી કાયદાઓ અને જોગવાઇઓ.<br>૨. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા વિનિયમો સુધારેલ),૨૦૦૫.<br>૩. પગાર, પગાર આધારિત ભથ્થા, રજા, પેન્શન, LTC, બઢતી, ઉચ્ચક નાણાકિય સહાય બાબતે સંબધિત અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને લાગુ પડતી જોગવાઇઓ.<br>૪. ગ્રાન્ટ ઇન એઇડ કોડ -૧૯૬૪.<br>૫. નવી પેન્શન નીતિ. |
| પ્રશ્નપત્ર ૨. (૨ કલાક, MCQ ૧૦૦ ગુણ ) | Miscellaneous( પ્રકીર્ણ)<br>૧. ફાયર સેફ્ટી સંબધિત જોગવાઇઓ.<br>૨. માહિતીનો અધિકાર અધિનિય-૨૦૦૫.<br>૩. જાતીના ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ (પોકસો).<br>૪. કામકાજના સ્થળે જાતીય સતામણી અટકાવવાની જોગવાઇઓ.<br>૫. ખાનગી અહેવાલ( C.R.). |
| પ્રશ્નપત્ર -૩, ( ૨ કલાક, MCQ ૧૦૦ ગુણ ) | ગુજરાતી, અંગ્રેજી ભાષા તથા કચેરી કાર્ય પધ્ધતિ ( વર્ણનાત્મક પુસ્તક વગર )<br>૧.ભાષાંતર<br>૨.વ્યાકરણ<br>૩.શાળા સંબધિત પત્ર વ્યવહાર<br>(ઉક્ત ૧ થી ૩ મુદ્દાઓ ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષાઓમાં ધોરણ-૧૦ સમકક્ષ રહેશે.) |

(૭) જો કોઇ ઉમેદવારે ખાતાકીય પરીક્ષાના કુલ વિષય/પેપરમાંથી કોઇ એક વિષયમાં/પેપરમાં ૫૦ ગુણ/૫૦%ગુણ થી ઓછા ગુણ (<૫૦ગુણ/<૫૦%ગુણ) મેળવેલ હોય તેમજ અન્ય તમામ વિષય/પેપરમાં ૫૦ ગુણ/૫૦%ગુણ કે તેથી વધુ ગુણ (%) મેળવેલ હોય માત્ર અને માત્ર તેવા કિસ્સામાં એક વિષય પૂરતું જ, જે વિષયમાં ૫૦ ગુણ/૫૦% ગુણ કે તેનાથી ઓછા ગુણ(%) મેળવેલ હોય તે વિષય/પેપરમાં વધુમાં વધુ ૫ ગુણ/૫% ગુણ કૃપા ગુણ આપી ઉમેદવારને પાસ જાહેર કરી શકાશે.

(૮) લેખિત પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રાખવાનું રહેશે.

(૯) ઉમેદવારને કોઇપણ ઇલેક્ટ્રોનીક કમ્યુનિકેશન ડિવાઇસ જેમ કે સેલ્યુલર ફોન, કેલ્ક્યુલેટર, પેજર વગેરે સાથે લઇ જવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

(૧૦) જે અરજદાર ખાતાકીય પરીક્ષામાં હાજર ન રહેવાનું નકકી કરે છે તો એ ખાતાકીય પરીક્ષા શરૂ થવાની તારીખના ઓછામાં ઓછા ત્રીસ દિવસ પહેલાં સંબંધિત કચેરી મારફતે બોર્ડને તેની જાણ કરવાની રહેશે.

(૧૧) ઉમેદવાર તરીકે પોતાનું નામ નોંધાવ્યા બાદ ઉમેદવાર પરીક્ષામાં જાણ કર્યા વિના હાજર ન રહે તો ખાતાકીય પરીક્ષામાં પાસ થવાની એક તક ગુમાવી હોવાનું માનવામાં આવશે.

(૧૨) ઉમેદવાર પેપર-૧ અને પેપર- ૨ પુસ્તક સાથે સંપૂર્ણ વિષયોના જવાબ આપી શકશે. જયારે પેપર -3 ના જવાબ પુસ્તક વિના આપવાના રહેશે. "પુસ્તકો સાથે" એટલે ગુજરાત સરકાર દ્વારા પ્રકાશિત કરાયેલા અધિનિયમ હેઠળ જાહેર કરાયેલા કાયદાઓ/પુસ્તકો/ઠરાવો/ જાહેરનામા પરિપત્રો/નિયમોનું સાહિત્ય રાખી શકશે. જયારે કાયદાઓ/નિયમોને લગતું કોઇ વ્યકિતએ પ્રસિધ્ધ કરેલ પુસ્તક કે ખાનગી પ્રકાશનોનું સાહિત્ય ઉમેદવાર રાખી શકશે નહિ.

(૧૩) આ પરીક્ષા સામાન્ય રીતે વર્ષમાં એક વાર લેવામાં આવશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્માંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૧/૧૦/૨૦૨૨ અને તા.૨૯/૧૦/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(જે.ટી.બાંધણીયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી.(કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત).
- સેકશન અધિકારીશ્રી (મ.૧/મ.૨/છ-શાખા), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અ. સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

૬૫૧૨-૫૮

ક્ર:-ઉમશ/ઉમા-૪/ખા.પ.વર્ગ-૪/૨૦૨૨
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં ૯/૧ ડૉ જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર
તા. ૧૬/૧૧/૨૦૨૨

**નકલ રવાના જાણ તેમજ જરૂરી કાર્યવાહી અને અમલ સારૂ :-**

- રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પટાવાળા વર્ગ-૪ માંથી જુનિયર કલાર્ક વર્ગ-૩માં બઢતી માટેની ખાતાકિય પરીક્ષાનું માળખુ અને અભ્યાસક્રમ નિયત કરવા બાબતે

**પ્રતિ,**
* સચિવશ્રી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સે- ૧૦ બી ગાંધીનગર
* અધ્યક્ષશ્રી રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર
* જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ
* હિસાબી શાખા/ ઓડીટ શાખા આ કચેરી
* હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી , ગાંધીનગર
* નાયબ શિક્ષણ નિયામક (માધ્યમિક ) આ કચેરી
* શ્રેયાન અધિક્ષક ૧૦+૨ શાખા ઉમા-૧ ,૨,૩, ૪, ૫ , ૬ ૮ ના ટેબલે
* હુકમ ફાઈલે

**નાયબ શિક્ષણ નિયામક**
**(૧૦+૨) ખાસ ઘટક**
**ગુ. રા. ગાંધીનગર**

---

ક્રમાંક/માધ્ય/ખ–૧/ખાતાકિય પરીક્ષા/૨૦૨૨/૨૨૭૩૮-૨૨૯૯૦

<u>ઈ–મેઈલ દ્વારા</u>

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
કરણસિંહજી હાઈસ્કુલ બિલ્ડીંગ,
સીટી ગેસ્ટ હાઉસ સામે, ભુપેન્દ્ર રોડ,
રાજકોટ–૩૬૦ ૦૦૧.
તા. ~~/૧૧/૨૦૨૨.~~ ૦૬/૧૨/૨૦૨૨

૨/- કમિશ્નર શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંક: ધ/ઉમા–૪/ખા.પ.વર્ગ–૪/૨૦૨૨/૬૫૧૨–૫૮, તા.૧૬/૧૧/૨૦૨૨ થી મળેલ રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં પટ્ટાવાળા , વર્ગ–૪ માંથી જુનિયર કારકુન, વર્ગ–૩ માં બઢતી માટેની ખાતાકીય પરીક્ષાનું માળખું અને અભ્યાસક્રમ નિયત કરવા બાબતનો શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૨૦૨૨/૧૧૪૮/ગ, તા.૨૯/૧૦/૨૦૨૨ આ સાથે સામેલ રાખી, જાણ તથા અમલવારી કરવા સારૂ તેમજ આપશ્રીની કક્ષાએથી સંબંધિત કર્મચારીઓને જાણ કરવા સારૂ મોકલી આપવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ

બિડાણ : ઉપર મુજબ

પ્રતિ,
(૧) આચાર્યશ્રી, તમામ બિન સરકારી અનુદાનિત માધ્યમિક/ઉ.મા. શાળાઓ, જિ. રાજકોટ.
(૨) તમામ બીટ શિક્ષણ નિરીક્ષકશ્રી તથા મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રીઓ, આ કચેરી.